# ભાજપના સ્થાપના દિવસથી રાજ્યમાં નવ હજાર શક્તિકેન્દ્રો ખાતે કાર્યકર્તા સંમેલનો

**ઘરે ઘરે જઈ ભાજપ સરકારની ઉપલબ્ધીઓની પત્રિકાઓનું વિતરણ કરાશે : ૧૪મી આંબેડકર જયંતિએ ભાજપ દ્વારા સમરસતા ટીફીન બેઠકો યોજાશે**

ગાંધીનગર, તા. ૨

ભારતીય જનતા પાર્ટીના ૬ઠ્ઠી એપ્રીલે સ્થાપના દિવસ હોઈ ૬ઠ્ઠીથી ૧૪મી એપ્રીલ આંબેડકર જયંતિ સુધી રાજ્યમાં વિવિધ કાર્યક્રમો ભાજપ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. ગુજરાત ભાજપ દ્વારા રાજ્યમાં ૯૦૦૦ શક્તિ કેન્દ્રોમાં સંમેલનો યોજાશે. અને ઘરે ઘરે જઈ કેન્દ્ર રાજય સરકારની કામગીરી ઉપલબ્ધિઓની વિગતો દર્શાવતી પત્રીકાઓ વહેંચી લોકો સુધી પહોંચાડશે.

આજે અમદાવાદ ખાતે એક પત્રકાર પરિષદમાં ભાજપ દ્વારા ઘડી કાઢવામાં આવેલા કાર્યક્રમો અંગેની વિગતો આપતાં પ્રદેશ ભાજપ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે પંડિત દિનદયાળ ઉપાધ્યાયના જીવનચરીત્ર અંગે તેમજ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ઉપલબ્ધીઓ પ્રજાલક્ષી યોજનાઓની વિગતો છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે રાજ્યના તાલુકા જિલ્લા પંચાયત બેઠકો મહાનગરોમાં વોર્ડો અને વિધાનસભા વિસ્તારમાં પોલીંગ સ્ટેશન દીઠ શક્તિ કેન્દ્રો જે કુલ ૯૦૦૦ છે ત્યાં કાર્યકર્તા સંમેલનો યોજવામાં આવશે.

મંડલ કક્ષ સુધી ઘરે ઘરે જઈ પત્રીકાઓનું પણ વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત સ્ટીકરો બનાવીને પણ લગાવવામાં આવશે એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા ગૌવંશની રક્ષા માટે અને ગૌહત્યાને રોકવા માટે કડક કાયદો ઘડવામાં આવ્યો છે તે માટે દારૂબંધીના કડક કાયદા સહિતના મહત્વના કાયદાઓ સરકારે બનાવ્યા તે બદલ સરકારને અભિનંદન આપવામાં આવશે અને લોકોમાં જનજાગૃતિ માટે હોર્ડીંગ્સ લગાવવામાં આવશે. આંબેડકર જન્મ જયંતિના દિવસે રાજ્યભરામાં દરેક મંડલ અને વિધાનસભા બેઠકો પર સમરસતા ટીફીન બેઠક યોજવામાં આવશે એમ તેમણે જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્ય સરકારે મહત્વના કાયદાઓ લાવ્યા ત્યારે કોંગ્રેસે બહિષ્કાર કરી બહાર જતા રહેતા કોંગ્રેસનું આ બહિષ્કાર સત્ર રહ્યુ છે. આથી ભાજપ એવુ માને છે કે કોંગ્રેસે સત્રનો બહિષ્કાર કરી જીવદયા પ્રેમીઓનો બહિષ્કાર કર્યો છે. શિક્ષણ બીલનો બહિષ્કાર કરી વિદ્યાર્થીઓ અને વાલીઓની લાગણીઓનો બહિષ્કાર કર્યો છે.

કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ પ્રજા સમક્ષ જઈ શકતી નથી. આદિવાસી યાત્રા કાઢવાની જાહેરાતો કર્યા પછી પણ યાત્રા કાઢી શકી નથી એ માત્ર સભા દ્વારા કાર્યક્રમ પૂણ કર્યો છે.

આગામી ત્રણ દિવસ દરમ્યાન ભાજપ દ્વારા મંડલ કક્ષાએ ગાય પૂજાના કાર્યક્રમ હાથ ધરાશે.

# વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસ નિમિતે માનવ સાંકળની રચાઈ

**નાના બાળકોમાં જોવા મળતી ન્યુરોલોજીની સાથે સંબંધિત બિમારીને ઓટિઝમ કહેવામાં આવે છે : જાગૃતિના પ્રયાસો**

અમદાવાદ,તા.૨

વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડે નિમિતે આજે શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે વલ્લભસદનની પાછળ ઓટિઝમની બિમારી




ધરાવતા આશરે ૩૦૦૦ બાળકો દ્વારા એક વિશાળ માનવસાંકળ રચી અનોખી રીતે જનજાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરાયો હતો. ઓટિઝમ એ નાના બાળકોમાં જોવા મળતી ન્યુરોલોજીને લગતી બિમારી છે. આ રોગથી પીડાતા બાળકને ઓટિસ્ટિક ચાઈલ્ડ કહેવાય છે. તબીબી ભાષામાં આ રોગ ઓટિઝમ સ્પેક્ટ્રીમ ડિસઓર્ડર તરીકે ઓળખાય છે. રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને કલેક્ટર કચેરીના સંયુકત ઉપક્રમે યોજાયેલા માનવસાંકળના આ કાર્યક્રમમમાં ઓટિઝમ ક્ષેત્રે કામ કરતી વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, નિષ્ણાત તબીબો, સાયકોલોજીસ્ટ, બિહેવીયર થેરાપીસ્ટ સહિતના લોકો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઓટિઝમ એક એવો રોગ છે કે જે કોઈ મેડિકલ ટેસ્ટ દ્વારા જાણી શકાતો નથી પરંતુ બાળકના વર્તન અને વ્યવહાર પરથી જણાતા લક્ષણો પરથી ધ્યાનમાં આવે છે. આવા બાળકો ઓટિસ્ટક સ્ટેટસ એપિલેપ્ટિકલથી ગ્રસ્ત હોય છે અને તેમને એપ્લાઈડ બિહેવિયર એનાલિસીસથી આ બિમારીમાંથી બહાર લાવી શકાય છે. બાળકોને ઘણીવાર ઓટિઝમની સાથે ખેંચ આવે તેમ જ અન્ય મેટાબોલિઝની સમસ્યા હોય ત્યારે ન્યુરોલોજીસ્ટને સાથે રાખી સારવાર કરવામાં આવે તો તેને બિમારીમાંથી મુકત કરી શકાય છે પરંતુ આ માટે બાળકના માતા-પિતાની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. તેથી જ આ બિમારી વિશે લોકોમાં જાગૃતિ વધે અને ઓટિઝમગ્રસ્ત બાળકોમાં તેના ઝડપી પરિણામો મેળવી શકાય તે હેતુથી માનવસાંકળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### દેશભરમાં ૧૫૦ પૈકીના એકને ઓટિઝમ બિમારી

સમગ્ર વિશ્વમાં ઓટિઝમની બિમારી દર ૧૦૦ બાળકે એક બાળકમાં જોવા મળે છે. જોકે, ભારતમાં દર ૧૫૦ બાળકે એક બાળકમાં આ બિમારી જોવા મળે છે. કેન્દ્ર સરકારે ૧૯૯૯માં નેશનલ ટ્રસ્ટ એક્ટ મારફતે આવા બાળકોને દિવ્યાંગતાની કેટેગરીમાં મૂકયા છે.

રાજય સરકાર દ્વારા ઓટિઝમથી પીડિત બાળકોની સારવાર માટે હાલ ૧૨ જિલ્લામાં ડસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેનશન સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. આ સેન્ટરો જિલ્લા જનરલ હોસ્પિટલમાં કાર્યરત છે. જયાં બાળરોગ નિષ્ણાત, મનોચિકિત્સક, સાયકોલોજીસ્ટ, સ્પીચ થેરાપીસ્ટ, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ સહિતનો સ્ટાફ બાળકની સારવાર માટે તૈનાત હોય છે. ચાલુ વર્ષે સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં આવા સેન્ટર અને મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તેમજ માનસિક આરોગ્યની હોસ્પિટલોમાં મળી કુલ ૧૦ હોસ્પિટલોમાં આવા બાળકો માટે ચાઈલ્ડ ગાઈડન્સ કલીનીક અને વિશેષ સારવાર યુનિટ શરૂ કરાશે.

## આ પણ વાંચીએ...

**● દુર્ગંધયુકત જુતાની અનોખી સ્પર્ધા**

અમેરિકામાં દુર્ગંધયુકત જુતાઓની અનોખી સ્પર્ધા યોજાય છે.



નાસાના કેમીકલ એન્જિનિયરને આ સ્પર્ધાના જજ બનાવાયા હતા. દુર્ગંધયુકત જુતા પહેરનારા જુદા જુદા સપર્ધકોના જોડા સુંઘીને તેમણે વિજેતા જાહેર કર્યા હતા. ૧૨ વર્ષના એક બાળકના જુતામાંથી આવતી દુર્ગંધ સુંઘીને જજની આંખોમાંથી આંસુ આવી ગયા હતા. આ બાળક સ્પર્ધાનો વિજેતા બન્યો હતો.

**● મોટી બહેનની કીસથી બ્રેન ડેડ ઘોષિત બાળકી બચી ગઈ**

બ્રિટનમાં એક એવો ચમત્કાર થયો જે સાંભળીને આશ્ચર્યચકિત થઈ જવાશે. પ્રિ-મેચ્યોર જન્મેલી બાળકી પોપીને તેના જન્મ બાદ ખુબ જ પરેશાનીઓનો સામનો કરવો પડયો.



અવારનવાર બીમાર પડતી પોપીને એક દિવસ ડોકટરોએ બ્રેન ડેડ જાહેર કરી દીધી હતી. ઘરના બધા જ સભ્યો રોકકળ કરવા લાગ્યા હતા. અચાનક પોપીની મોટી બહેન તેની પાસે ગઈ હતી અને તેણે તેના પેટ પર કીસ કરી હતી. કીસ કરતાં જ પોપી હલનચલન કરવા લાગી ગઈ હતી. આ ચમત્કારથી ડોકટરો પણ અચંબામાં મુકાઈ ગયા હતા. ધીમે ધીમે પોપી ઠીક થવા માંડી. હવે તે બે વર્ષની છે.

# મોડાસામાં રામનવમીએ સાંઈ મંદિરમાં રજતજયંતિ નિમિત્તે ભવ્ય આયોજન

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લામાં મોડાસા નગરમાં સુપ્રસિદ્ધ અને આસ્થાનું પ્રતિક સમાન સાંઈ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠાને ૨૫ વર્ષ પુરા થતા હોઈ ત્રિદિવસીય ભવ્ય કાર્યક્રમોનું આયોજન શીરડી સત્સંગ મંડળ દ્વારા કરવામાં આવેલ છે.

રવિવારે અલકા આર્ટ દ્વારા જાણીતા હાસ્ય કલાકાર પંકજ દવે અને ભદ્રેશ દવેનો કાર્યક્રમ રાત્રે ૯ વાગે તે પછી ૪-૪- મંગળવારે રામનવમીના રોજ સવારે ૮ વાગે આરતી તેમજ સાંઈ જન્મ ઉત્સવ




નિમિત્તે ૧૫૧ કિ.ગ્રા. માવાની ભવ્ય કેક તે પછી ૧૨ વાગ્યા સુધી મંદિરના પટાંગણમાં સાંઈ પાટોત્સવ પૂજનનો કાર્યક્રમ રાખેલ છે. બપોરના ત્રણ વાગે નિજ મંદિરેથી ભવ્ય સાંઈ મંદિરની શાભોયાત્રા નગરના જુદા જુદા વિસ્તારોમાંથી પસાર થશે. તે પછી રાત્રે ૯ વાગે લોકલાડીલા ગાયક અભિનેતા રાજદીપ બારોટ અને વનીતા બારોટ, જગદીશ બારોટ, જયશ્રી પરમાર તથા હાસ્ય કલાકાર વિક્રમ માલધારીના ડાયરાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

# જેસીઆઈ દ્વારા ધોળાકુવા ખાતે પોલીયો ઝુંબેશ યોજાઈ

ગાંધીનગર, તા. ૨

જેસીઆઈ ગાંધીનગર દ્વારા ધોળાકુવા ખાતે પલ્સ પોલીયો કાર્યક્રમ અંતર્ગત ગામના પાંચ વર્ષથી નાની વયના ૫૬૮ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. આ પ્રસંગે જેસીઆઈના હોદ્દેદારો તેમજ ધોળાકુવા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# હિમાચલના મુખ્યમંત્રી તરીકે વીરભદ્રસિંહ રાજીનામું આપે

અમદાવાદ, તા.૨

એનેકસી, કર્ણાવતી ખાતે પત્રકાર પરિષદને સંયુક્ત રીતે સંબોધન પ્રદેશ મહામંત્રી કેસી પટેલ અને પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહની સીબીઆઈ સામેની અરજી ૩૧.૩.૨૦૧૭ના રોજ નામદાર દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી છે અને આવક કરતાં વધુ અપ્રમાણસર સંપત્તિ કેસમાં વીરભદ્ર સિંહને દોષી માન્યા છે. આથી નૈતિકતાના ધોરણે અને સંવૈધાનિક રીતે તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપી પોલીસને સરેન્ડર કરી દેવું જોઈએ તેવી માંગણી ભાજપ દ્વારા કરવામાં આવી છે. કેસી પટેલે કોર્ટ કોર્ટના આદેશની વિગતો આપતા જણાવ્યું હતું કે, સીબીઆઈ એ કેસ રજીસ્ટર્ડ કરીને દરોડા પાડ્યા એ કોઈપણ દ્વેષભાવના કે રાજકીય ઉદ્દેશય થી પર કાયદાના નિયમ મુજબ હતા. એફઆઈઆરએ તેઓ જયારે કેન્દ્રીય મંત્રી હતા તે સમયની છે માટે સ્પીકરની પૂર્વ મંજુરીની જરૂર તેમાં રહેતી ની તથા ભ્રષ્ટાચારનો કેસ છે.

પટેલે કેસની વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, વીરભદ્રસિંહ અને આનંદ ચૌહણ વચ્ચે કમિશનના કરારો થયા હતા અને તે કરારો પૈકી વર્ષ ૨૦૦૮-૦૯થી વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તેમના સફરજનના બાગના વ્યવસાયમાંથી રૂપિયા ૬ કરોડથી વધારે આવક થઈ હતી, પરંતુ આ વર્ષોથી પહેલાના વર્ષોમાં અને પછીના વર્ષોમાં તે આવક શૂન્ય થઈ હતી તેવું તેમના આવકવેરાના રિવાઈઝડ રિટર્નમાં દર્શાવ્યું છે. સીબીઆઈએ તપાસ કરતા ધ્યાનમાં આવ્યું હતું કે, તેમણે તેમની બે નંબરની કાળી કમાણીનો સફરજનમાંથી થતી આવકરૂપે દર્શાવી હતી જે તદ્દન ખોટું છે. તેઓએ જણાવ્યું હતું કે, કોર્ટે એ પણ નોંધ્યું છે કે, વપરાયેલા વાહનો રજિસ્ટર્ડ નથી, એ વિસ્તારમાં એટલી ઉપજ વધી નથી,

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

જવાબદારી રાજયની છે. મોટા ભાગના પ્રેમ લગ્નો પછી તે આંતર ધર્મ, આંતર જ્ઞાતીય હોય કે પછી ધર્મ કે જ્ઞાતીના યુવક યુવતી હોય સમાજ તથા કુટુંબનો આવા લગ્નોથી વિરોધ જ રહેવાનો આ માન્યતા સદીઓથી ચાલી આવેલ છે. દિકરીને યેનકેન પ્રકારે ઈજજત આબરૂનો હવાલો આપી મરજીને દબાવી દેવામાં આવે છે. ૨૧મી સદીમાં પણ પ્રેમ લગ્નો અંગેના વિચારો સમાજમાં બદલાયા નથી આપણે માત્ર કહેવા ખાતર જ આધુનિક દેખાવ રહેણીકરણી અપનાવીએ છીએ પરંતુ માનસીક વિચારોથી આધુનિકતાને અપનાવી કે સ્વીકારી શકતા નથી પછી તે ગમે તે ધર્મ, કોમ કે જ્ઞાતીના હોઈએ તેમાં કોઈ ફેરફાર થતો નથી. આધુનિકતાને અપનાવી યુવક યુવતીએ પસંદ કરેલ પાત્રને સ્વીકારવો એ જ એક સમયની માંગ છે તેમાં જ કુટુંબ, સમાજ અને યુવક યુવતીનું ભલુ છે.

પ્રેમ કરવો કે પ્રેમ લગ્નો કરવા એ સામાજીક ગુન્હો કે અપરાધ નથી આવા અપરાધભાવથી સમાજે મુક્ત થવું પડશે.

## અતિતની આજ

● ૪ પાોનાનું ચાલુ...

એમાં સહાનુભૂતિનું મોજું એમને પક્ષે હતું. ભાજપ માત્ર બે બેઠકો જીતી શક્યો. જોકે હાર-જીતને સમાનભાવે પચાવતા સંઘ-જનસંઘ-ભાજપના કાર્યકરોએ કરોળિયાને આદર્શ માનીને મંડ્યા રહેવામાં જ શ્રેય લેખ્યું. છેક ૧૯૯૬માં અટલજી વડા પ્રધાન બન્યા, પણ એ પછીની બે ચૂંટણીમાં એટલે કે ૨૦૦૪ અને ૨૦૦૯માં વડા પ્રધાન થવાનું અડવાણીનું સ્વપ્ન રોળાયું. બધાને આઘા હડસેલીને મે ૨૦૧૪માં નરેન્દ્ર મોદી ભવ્ય બહુમતી સાથે દિલ્હીમાં આરૂઢ થયા. એ પછી તો વિજયપતાકા લહેરાવા માંડી. ક્યાંક બિહાર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, કેરળ કે પંજાબમાં પરાજય ખમવો પડ્યો, પણ એકંદરે આગેકૂચ ચાલુ રહી. ઉત્તર પ્રદેશ - ઉત્તરાખંડ ઉપરાંત ગોવા-મણિપુર અંકે કરી લીધા પછી કૉંગ્રેસને સદગત કરવાના એમના સ્વપ્રને ગાંધીના નામના વાઘા ચડાવીને પેશ કરાય છે. હવે ગુજરાતનો વારો છે. કર્ણાટક અંકે કરવાનું છે. બીજાં રાજ્યોમાં પણ ભાજપ પુનઃ સત્તામાં આવે એવાં આગોતરા આયોજન કરવાનાં છે.

મુંબઈના એ પહેલા અધિવેશનમાં વાંદરા રૅકલૅમેશનમાં સજાવાયેલા સમતાનગરમાં પ્રથમ અધ્યક્ષ વાજપેયીના એ શબ્દોનું સહજ સ્મરણ થઈ આવે છે, વર્તમાન ઘણો નોખો હોવા છતાં ઐતિહાસિક તથ્યના ભાગરૂપે.

''ભારતીય જનતા પક્ષ રાજનીતિમાં, રાજકીય પક્ષોમાં તથા રાજનેતાઓમાં પ્રજાએ ગુમાવી દીધેલા વિશ્વાસને પુનઃ પ્રાપ્ત કરવા જમીન પર પગ ખોડીને રાજનીતિ કરશે. ઉપરની રાજનીતિ (હાઈકમાન્ડ)ના દિવસો હવે ભરાઈ ગયા છે. જોડ-તોડના રાજકારણનું હવે કોઈ ભવિષ્ય રહ્યું નથી. પદ, પૈસા અને પ્રતિષ્ઠા પાછળ ઘેલા લોકોની અમારે ત્યાં કોઈ જગ્યા નથી. જેમનામાં આત્મસ્વમાનનો અભાવ હોય તેઓ દરબારમાં જઈને મુઝરો કરે. અમે તો એક હાથમાં ભારતનું બંધારણ અને બીજામાં સમતાનું નિશાન લઈને મેદાનમાં સંઘર્ષરત રહીશું. અમે છત્રપતિ શિવાજી મહારાજના જીવન અને સંઘર્ષમાંથી પ્રેરણા લઈશું. સામાજિક સમતાનું બ્યૂગલ વગાડનાર મહાત્મા ફૂલે અમારા પથ-પ્રદર્શક હશે.'' આજે અટલજીના આ શબ્દો કેવા રૂડારૂપાળા લાગે છે ! ભાજપના ૧૦ કરોડ કાર્યકર્તાને એનું સ્મરણ કરાવવાની જરૂર ખરી. સવિશેષ તો એટલા માટે કે ગુજરાતના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને વ્યથા છે કે પક્ષના કાર્યકરો નાથાલાલ ઝગડા અને મકરંદ દેસાઈથી અજાણ હોય, પછી પંડિત દીનદયાળ ઉપધ્યાયને તો જાણે જ ક્યાંથી ? અમારે એમાં ઉમેરણ કરવું છે કે હજુ જીવતા જાગતા અટલજીની વાત વીસારે પડતી હોય પછી ગઈકાલોના નેતાઓને તો યાદ કરે જ કોણ? ભાજપના એ સ્થાપના અધિવેશનમાં જસ્ટિસ મોહમ્મદ કરીમ ચાગલાને લાવનાર પક્ષના સંસ્થાપક ઉપાધ્યક્ષ ૯૩ વર્ષીય રામ જેઠમલાની વિશે પણ કેવો આદર વ્યક્ત થાય છે એ બધા સુપેરે જાણે છે. આ ચાગલા મૂળ કચ્છી અને મર્ચન્ટમાંથી ચાગલા થયેલા.મુંબઈની હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ રહેલા તેમજ નેહરુ અને ઈન્દિરાજીની સરકારમાં કૅબિનેટ પ્રધાન રહેલા ચાગલાએ ઈન્દિરા ગાંધીની ઈમર્જન્સી સામે લડત આપેલી.સંયુક્ત રાષ્ટ્રસંઘમાં એમણે કાશ્મીર પ્રશ્ને રજૂઆત કરતાં કહેલું કે ભારતમાં મુસ્લિમો લઘુમતી નથી. ભાજપની મુશ્કેલી એ છે કે ઈન્દિરાજીની આરતી ઉતારનારાઓએ હવે સત્તાકાજે ભગવી પાર્ટી ભણી રીતસર દોટ મૂકી છે . અનુકૂળ ઈતિહાસ સિવાયનો ઈતિહાસ એમને પોપટવાણીમાં કંઠસ્થ કરાવાતો નથી ! હવેનો મહાધર્મ સત્તાપ્રાપ્તિનો જ છે અને એ માર્ગે આગેકૂચ ચાલતી હોય ત્યારે ઝાઝા પરિવર્તનની આશા કે અપેક્ષા અસ્થાને છે. અચ્છે દિનની પ્રતીક્ષા જ કરવાની.

- haridesai@gmail.com

## પોલીસની રડારમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવાઈ નહીં..! એક તરફ બાળકો અને પરિવારજનોની ભારે ભીડ મોડી સાંજે આ સેન્ટ્રલ વિસ્ટામાં જામે છે તો બીજી તરફ ધૂમ સ્પીડે નીકળતા લબરમુછીયા નબીરાઓના બાઈકના ભયંકર મોટા અવાજ આ સહેલાણીઓને ભયભીત કરી નાંખે છે. સ્પીડ અને અવાજનું બાઈકર્સનું કોમ્બીનેશન કોઈ મોટી દુર્ઘટના સર્જે તે પહેલા પોલીસ હરકતમાં આવી છે. પોલીસને મળેલી ફરિયાદોને આધારે હવે આવા બાઈકર્સને પકડવા સ્પેશિયલ ડ્રાઈવ રાખવાનો નિર્ણય લેવાયો છે. સે-૭ પી.આઈ. ડી.ડી. સોઢાના જણાવ્યા મુજબ સોમવારથી સે-૭ પોલીસ આવા અસામાજીક તત્વોને પકડીને તેમના બાઈક જપ્ત કરી કડકમાં કડક કાર્યવાહી કરશે.

## એક બાજુ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટુરીઝમને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર કાશ્મીરની બિલકુલ સાથે છે. મોદીએ ઉમેર્યુ હતું કે જ્યારે પણ જમ્મુ-કાશ્મીરનો ઉલ્લેખ આવે છે ત્યારે અટલ બિહારી વાજપેયીની યાદ આવી જાય છે. વાજપેયીએ કાશ્મીરીયત, જમ્મુરીયત અને ઈન્સાનિયત માટેનો નારો આપ્યો હતો. આતંકવાદ માટે પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર તેના ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે ઉમેર્યુ હતું કે કેટલાક લોકો પોતાને સંભાળી શકતા નથી. તેઓ પાકિસ્તાનના કબજા વાળા કાશ્મીરને વિકસિત કરવા ઈચ્છુક છે. ભવિષ્યમાં આ પ્રકારની ૧૯ સુરંગો બનાવવાની પણ યોજના હોવાનો દાવો મોદીએ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આ સુરંગ વિશ્વ સ્તરની છે. કેટલાક મામલામાં અમે વિશ્વના માપદંડથી પણ આગળ નીકળી ગયા છીએ. આધુનિક ટેકનોલોજીના ઉપયોગ માટે તેઓએ પરિવહન મંત્રી નીતિન ગડકરીને શુભેચ્છા પાઠવી હતી. તેમણે ઉમેર્યુ હતું કે આ માત્ર એક લાંબી સુરંગ નથી બલ્કે જમ્મુ-કાશ્મીરના વિકાસની એક મોટી છલાંગ પણ છે. આ સુરંગ દુનિયાને એક સંદેશ પણ આપે છે. હિમાલયમાં આ પ્રકારની સુરંગ બનાવીને પર્યાવરણ અને હિમાલયની પણ સુરક્ષા કરવામાં આવી છે.

આ સુરંગની ચર્ચા હવે સમગ્ર દેશમાં થનાર છે. વડાપ્રધાને પોતાના ભાષણની શરૂઆતમાં ત્યાં ઉપસ્થિત લોકોને પોતાના મોબાઈલના ફ્લેશને ચાલુ કરવા કહ્યું હતું. સુરંગનું ઉદ્ઘાટન ભલે મોદીએ કર્યુ હતું પરંતુ અસલ ઉદ્ઘાટન સામાન્ય લોકોએ કર્યુ હતું. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ પણ લોકોને સંબોધન કર્યુ હતું. મહેબુબાએ ઉત્તરપ્રદેશમાં શાનદાર જીત બદલ મોદીને અભિનંદન પાઠવ્યા હતા.

## માર્ક બદલાશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. છેલ્લા ચાર મહિનામાં જ નવી નોટની બનાવટી નોટ પણ જપ્ત કરવામાં આવી ચુકી છે. નાણાં અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ પાસા પર ચર્ચા થઈ ચુકી છે. બેઠકમાં કેન્દ્રિય ગૃહ સચિવ રાજીવ મહર્ષીએ પણ હાજરી આપી હતી. આ હિલચાલને ટેકો આપતા ગૃહ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું છે કે મોટાભાગના વૈશ્વિક દેશોમાં દર ત્રણથી ચાર વર્ષમાં મોટી નોટની સુરક્ષામાં ફેરફાર કરવામાં આવે છે. જેથી આ પોલિસીને ભારતમાં પણ આગળ વધારવાની જરૂર છે. રૂપિયા ૫૦૦ અને ૨૦૦૦ની ઊંચી નોટની ડિઝાઈનમાં વારંવાર ફેરફાર એક લાંબી કવાયતના ભાગરૂપે છે. ૨૦૦૦માં તેની શરૂઆત કરવામાં આવ્યા બાદથી રૂપિયા ૧૦૦૦ની નોટમાં કોઈ મોટા ફેરફાર કરવામાં આવ્યા ન હતા. નોટબંધી સુધી મોટા ફેરફાર ન થતા બનાવટી નોટનો જથ્થો બજારમાં આવ્યો હતો. હાલમાં જ રૂપિયા ૫૦૦ની નવી નોટ પણ શરૂ કરાઈ છે. જૂની ૫૦૦ની નોટ ૧૯૮૭માં જારી કરવામાં આવી હતી. એક દશકથી પણ વધુ સમય ગાળા બાદ ફેરફાર હાલમાં જ કરવામાં આવ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે દર ત્રણ ચાર વર્ષમાં નોટના સિક્યુરિટી પાસામાં ફેરફાર કરવાથી બનાવટી નોટના પ્રવાહને રોકવામાં મદદ મળશે.

## સિલિન્ડર કિંમતમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લીટર ૨૮૧૧.૩૮ રૂપિયા અથવા તો ૫.૧ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેથી જેટ ફ્યુઅલ અથવા તો એટીએફની કિંમત ઘટીને પ્રતિ કિલો લીટર ૫૧૪૨૮ રૂપિયા થઈ ગઈ છે. આ કિંમતો પહેલી એપ્રિલથી અમલી કરવામાં આવી છે. ઓઈલ કંપનીઓ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. પહેલી માર્ચ અને પહેલી ફેબ્રુઆરીના દિવસે વધારો કરવામાં આવ્યા બાદ હવે એટીએફની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આવી જ રીતે બિનસબસીડીવાળા એલપીજીની કિંમતમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. ૧૪.૨ કિલોગ્રામના ૧૨ ગેસ સિલિન્ડરના ક્વોટા બાદ જે ગેસ સિલિન્ડર ખરીદવામાં આવે છે તેની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તેની કિંમતમાં ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ કિંમત હવે ઘટી જતા રાહત થઈ શકે છે. પહેલી માર્ચના દિવસથી રેટમાં સિલિન્ડર દીઠ ૮૬ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. હાલના વર્ષોમાં આ સૌથી જંગી વધારો હતો. જ્યારે પહેલી ફેબ્રુઆરીએ અમલી બને તે રીતે પ્રતિ સિલિન્ડર ૬૬.૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ઓકટોબર ૨૦૧૬ બાદથી રેટમાં સતત વધારો થઈ રહ્યો હતો. બીજી બાજુ બિનસબસીડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમત દિલ્હીમાં સપ્ટેમ્બરમાં ૪૬૬.૫૦ રૂપિયા હતી. તેમાં છ ઈન્સ્ટોલમેન્ટમાં ૫૮ ટકાનો અથવા તો ૨૭૧ રૂપિયાનો વધારો થઈ ચુક્યો છે. જોકે ઓઈલ કંપનીઓએ સામાન્ય લોકોને ફટકો પડે તેવા ઘટનાક્રમમાં સબસીડીવાળા ગેસે સિલિન્ડરની કિંમતમાં ૫.૫૭ રૂપિયાનો વધારો કરી દીધો છે. આની સાથે જ ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરની કિંમત ૪૪૦.૫ રૂપિયા છે. સરકારી તેલ કંપનીઓએ અગાઉ બે વખત પહેલી ફેબ્રુઆરી અને પહેલી માર્ચના દિવસે કોઈપણ સુધારો કિંમતોમાં કર્યો ન હતો. ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના અનુસંધાનમાં કિંતમાં કોઈ નોંધપાત્ર વધારો કરાયો ન હતો. તે પહેલા ઓઈલ કંપનીઓ દ્વારા આઠ મહિનામાં પ્રતિ સિલિન્ડર બે રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો હતો. ઓઈલ કંપનીઓ દ્વારા એટીએફ અને ગેસ સિલિન્ડરની કિંમતમાં દર મહિનાની પહેલી તારીખે આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોને ધ્યાનમાં લઈને ફેરફાર કરવામાં આવે છે.

## સુરંગનું લોકાર્પણ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જમ્મુ-કાશ્મીરમાં પ્રવાસને આના લીધે પ્રોત્સાહન મળશે. મોદીએ જમ્મુ-કાશ્મીરમાં ચેનાની-નાસરી સુરંગને વિકાસના પ્રતિક તરીકે ગણાવીને કહ્યું હતું કે સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં જમ્મુ-કાશ્મીરના પ્રગતિના દ્વાર ખુલી જશે. જમ્મુ-કાશ્મીરમાં આ સુરંગને લઈને છેલ્લા ઘણા સમયથી ચર્ચા હતી. આ સુરંગનું નિર્માણ થયા બાદ મોટી સંખ્યામાં પ્રવાસીઓ પણ પહોંચશે. સાથે સાથે જુદી જુદી સિઝનમાં લોકોને તકલીફ પડશે નહીં. વિશ્વસ્તરની નવી ટેકનોલોજીનો ઉપયોગ આમાં કરાયો છે.

## ગ્રેનેડ હુમલો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવવામાં આવી છે. નોહાટા વિસ્તારમાં બનાવ બન્યા બાદ તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. અધિકારીઓએ એમ પણ કહ્યું છે કે કેટલાક તોફાની તત્વોએ આજ વિસ્તારમાં પોલીસ જવાનો પર પથ્થરમારો પણ કર્યો હતો. આતંકવાદીઓને છુપાવવાના હેતુસર આ પથ્થરમારો કરાયો હોવાનું જાણવા મળ્યું છે. જુના શ્રીનગરમાં આતંકવાદીઓએ પોલીસ ટુકડી ઉપર ગ્રેનેડો ઝીંક્યા હતા. આશરે સાત વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં તૈનાત કરવામાં આવેલા પોલીસ જવાનોનો કાફલો પરત ખેંચવામાં આવી રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. આતંકવાદીઓને પકડી પાડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અત્રે નોંધનિય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચેનાનીમાં રાજ્યપાલ એનએન વોરા અને મુખ્યમંત્રી મહેબુબા મુફતીની ઉપસ્થિતિમાં નવ કિલોમીટર લાંબી ચેનાની-નાસરી સુરંગને રાષ્ટ્રને સમર્પિત કરી હતી. આ સુરંગનું નિર્માણ ૨૫૦૦ કરોડના ખર્ચથી થયું છે. આ એન્જિનિયરો સુરંગના નિર્માણમાં સામેલ રહ્યા હતા. બરફની ઢંકાયેલા ઉંચા પહાડોની નીચે બનાવામાં આવેલી આ સુરંગથી યાત્રા માત્ર બે કલાક ઘટી જશે નહીં બલ્કે ઉધમપુરથી રામબાણ, બનિહાલ અને શ્રીનગર જતા યાત્રીઓને તમામ મૌસમમાં સુરક્ષિત યાત્રા કરવાની તક મળશે. વડાપ્રધાનની જમ્મુ-કાશ્મીર યાત્રાને લઈને પહેલાથી જ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી.

જોકે મોદીના કાર્યક્રમ બાદ આ બનાવ બન્યો હતો. જેથી પોલીસ તંત્રને આંશિક રાહત મળી હતી. તાજેતરના સમયમાં જમ્મુ-કાશ્મીરમાં વારંવાર આતંકવાદી હુમલા થતા રહ્યા છે. બીજી બાજુ આજે વડાપ્રધાનની યાત્રાને લઈને વિરોધમાં હુર્રિયત કોન્ફરન્સ દ્વારા બંધની હાકલ પણ કરવામાં આવી હતી. જેની અસર પણ જોવા મળી. આ ઉપરાંત વડાપ્રધાને આજે સુરંગ લોકાર્પણ કાર્યક્રમ વેળા ગેરમાર્ગે દોરાઈ ગયેલા યુવાનોને સૂચન કર્યુ હતું કે એકબાજુ આતંકવાદ છે અને બીજી બાજુ ટ્યુરીઝમ છે. આ બેમાંથી કોઈ એકને પસંદગી કરવાનો સમય છે.